મનોવલણ

અભ્યાસક્રમ :

1. મનોવલણનો અર્થ
2. મનોવલણના લક્ષણો
3. મનોવલણનું ઘડતર
4. મનોવલણમાં પરિવર્તન
5. મનોવલણ માપન

પ્રસ્તાવના :

અહીં મનોવલણની સવિસ્તાર ચર્ચા કરવામાં આવી છે. – અર્થ, લક્ષણોની સમજ આપી છે, - ઘડતરના કેવી રીતે થાય છે તેના પરિબળો તથા તેમાં પરિવર્તન કેવી રીતે કરી શકાય એ અંગે જુદી જુદી રીતો બી કુપ્પુસ્વામી એ આપી છે – અંતે મનોવલણના માપન અંગે જુદા જુદા મનોવૈજ્ઞાનિકો એ એમની પદ્ધતિઓ દ્વારા સમજ આપી છે.

સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં મનોવલણોનો અભ્યાસ ઘણો જ મહત્વનો છે. વ્યક્તિ જુદી જુદી વ્યક્તિઓ, જૂથો કે સામાજિક પરિસ્થિતિઓ પ્રત્યે કેવો વ્યવહાર કરશે એનો આધાર તેના મનોવલણો

પર રહેલો છે. મનોવલણ વર્તનની દિશા નક્કી કરે છે. વ્યક્તિનું મનોવલણ તેના વર્તન પર અસર કરે છે. તેથી વ્યક્તિના સામાજિક વર્તનને સમજવા માટે મનોવલણોનો અભ્યાસ કરવો જરૂરી છે.

મનોવલણનો અર્થ :

વ્યાખ્યાઓ :

૧. બી. કુપ્પુસ્વામી :

“મનોવલણ એ અમુક વસ્તુ, વ્યક્તિ અથવા પરિસ્થિતિ પ્રત્યે વિશિષ્ટ રીતે પ્રતિક્રિયા કરવાની સુસંગત, સંપાદિત અને આવેગ્યુક્ત પુર્વવૃતિ છે.”

૨. ન્યુકોમ્બ :

“વ્યક્તિનું મનોવલણ અમુક વસ્તુ પ્રત્યે કાર્ય કરવાનો, પ્રત્યક્ષીકરણ કરવાનો, વિચાર કરવાનો તેમજ લાગણી અનુભવવાનો પૂર્વસંસ્કાર છે.”

3. ઓલપોર્ટ :

“મનોવલણ બધી જ સબંધિત વસ્તુઓ કે પરિસ્થિતિઓ પ્રત્યેની પ્રતિક્રિયાઓ ઉપર નિર્દેશાત્મક કે ગત્યાત્મક અસર પાડનાર તત્પરતાની

એક માનસિક કે ચેતાકીય અવસ્થા છે.”

૪. ક્રચ, ક્રચફિલ્ડ અને બેલાચી :

“મનોવલણ આપણી પ્રેરણાઓ, આવેગો, પ્રત્યક્ષીકરણ અને જ્ઞાનાત્મક પ્રક્રિયાઓનું એવું એક કાયમી સંગઠન છે, જે વ્યક્તિના જગતના સંદર્ભમાં ઉત્પન્ન થાય છે.”

૫. કિમ્બાલ યંગ :

“મનોવલણ એ સંપાદિત સામાન્ય લાગણીનું વલણ છે જેને લીધે વ્યક્તિ સતત અમુક રીતે જ પ્રતિક્રિયા કરે છે. અમુક પદાર્થ, પરિસ્થિતિ, વિચાર, મુલ્ય વગેરેના સંદર્ભમાં વ્યક્તિ વિધાયક કે નિષેધક રીતે પ્રતિક્રિયા કરે છે.”

ઉપરોક્ત વ્યાખ્યાઓને આધારે કહી શકાય કે મનોવલણ એ વ્યક્તિનું **“કાર્ય કરવાનું વલણ”** (a tendency to act) છે.

આ ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી નીચેની બાબતો સ્પષ્ટ થાય છે

૧.મનોવલણ એ અમુક વસ્તુ, વ્યક્તિ, જૂથ કે પરિસ્થિતિ પ્રત્યે વિશિષ્ટ રીતે વર્તન કરવાની પુર્વવૃતિ છે, માનસિક તત્પરતાની અવસ્થા છે.

૨. મનોવલણ વ્યક્તિના વર્તન કે પ્રતિક્રિયા દ્વારા અભિવ્યક્ત થાય છે.
3. મનોવલણ સંપાદિત હોય છે.
૪. મનોવલણ લાગણીઓ અને આવેગોથી યુક્ત પુર્વવૃતિ છે.

મનોવલણનું સ્વરૂપ (લક્ષણો) :

મનોવલણનું સ્વરૂપ મનોવલણના લક્ષણો દ્વારા સ્પષ્ટ થાય છે.

1. મનોવલણ એ શારીરિક અને માનસિક તત્પરતાની સ્થિતિ છે
2. મનોવલણ જન્મજાત નથી પરંતુ સંપાદિત છે
3. મનોવલણ કોઈ વ્યક્તિ પદાર્થ પરિસ્થિતિ જૂથ વિષય કે ઘટના સાથે સબંધ ધરાવે છે
4. મનોવલણ સાપેક્ષ રીતે કાયમી હોય છે
5. મનોવલણ પ્રેરણાત્મક અને આવેગાત્મક હોય છે
6. મનોવલણો જૂથ વ્યાપી હોય છે
7. મનોવલણમાં માન્યતા અને મૂલ્યાંકન બંને રહેલા છે

૧. મનોવલણ એ શારીરિક અને માનસિક તત્પરતાની સ્થિતિ છે.

વ્યક્તિ જુદી જુદી બાબતો, પરિસ્થિતિઓ, વ્યક્તિઓ, જૂથો, ઘટનાઓ પ્રત્યે ચોક્કસ પ્રકારના મનોવલણો ધરાવે છે અને એ પ્રમાણે પ્રતિક્રિયા પણ

કરે છે. જેવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય તે તરત જ વ્યક્તિની વાણી કે વર્તન સ્વરૂપ તરત જ અભિવ્યક્તિ થાય છે. આ રીતે મનોવલણ એ શારીરિક અને માનસિક તત્પરતાની સ્થિતિ છે.

૨. મનોવલણ જન્મજાત નથી પરંતુ સંપાદિત છે

એટલે કે જન્મ સમયે વારસા દ્વારા વ્યક્તિને મનોવલણો પ્રાપ્ત થતાં નથી પરંતુ જેમ જેમ એનો ઉછેર થાય છે તેમ તેમ સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણને પરિણામે વ્યક્તિ માં મનોવલણ ઘડાય છે કુટુંબ, શાળા, સમવયસ્ક જૂથો, સંદર્ભ જૂથ વગેરે દ્વારા સમાજીકરણની પ્રક્રિયા દરમિયાન મનોવલણો શીખાય છે આમ મનોવલણો સંપાદિત છે જેમકે, હિન્દુ બાળક જન્મથી મુસ્લિમ પરત્વે નિષેધક મનોવલણ ધરાવતું નથી પરંતુ સમાજમાં તેના ઉછેરને પરિણામે હિન્દુ બાળકમાં મુસ્લિમો માટે નિષેધક મનોવલણ ઘડાય છે.

3. મનોવલણ કોઈ વ્યક્તિ પદાર્થ પરિસ્થિતિ જૂથ વિષય કે ઘટના સાથે સંબંધ ધરાવે છે.

મનોવલણ ના બે પક્ષો હોય છે.

1. મનોવલણ ધરાવનાર વ્યક્તિ અને
2. જેના પ્રતિ વ્યક્તિ મનોવલણ ધરાવે છે તે વસ્તુ.

મનોવલણમાં વ્યક્તિ વસ્તુ પ્રકારના સંબંધો જોવા મળે છે વસ્તુ શબ્દ વ્યાપક છે. વસ્તુ શબ્દોના અર્થમાં વ્યક્તિ, પદાર્થ, પરિસ્થિતિ, જૂથ, વિષય. ઘટના વગેરેનો સમાવેશ થાય છે. તેથી મનોવલણ કોઈ વ્યક્તિ, પદાર્થ, પરિસ્થિતિ, જૂથ, વિષય કે ઘટના સાથે સંબંધ ધરાવે છે.

૪. મનોવલણ સાપેક્ષ રીતે કાયમી હોય છે.

મનોવલણ એકવાર ઘડાય સંપાદિત થાય ત્યાર પછી તે લાંબા સમય સુધી ટકી રહે છે તે સ્થાયી અને કાયમી હોય છે તે સહેલાઇથી બદલી શકાતા નથી. પરંતુ તેમાં પરિવર્તન લાવવું અશક્ય નથી. પ્રચાર શિક્ષણ અને નવીન અનુભવો દ્વારા મનોવલણો બદલાય છે જોકે ભારતમાં જ્ઞાતિપ્રથા, દહેજ વગેરે અંગેના મનોવલણો લાંબા સમય સુધી કાયમી રહ્યા છે.

૫. મનોવલણ પ્રેરણાત્મક અને આવેગાત્મક હોય છે.

મનોવલણો વ્યક્તિને અમુક પ્રકારનું વર્તન કરવા પ્રેરણા આપે છે દા.ત. યુવાનોનું નવી ફેશનો તરફનું વિધાયક મનોવલણ. આ મનોવલણ તેમને નવીન ફેશનનો અપનાવવાના વર્તન તરફ લઈ જાય છે. બીજી બાજુ મનોવલણો લાગણી અને આવેગોના રંગોથી રંગાયેલા છે. પ્રેમ-વેર, ગમો-અણગમો, સહાનુભૂતિ-તિરસ્કાર જેવી સુખદ અને દુઃખદ લાગણીઓ તેમજ આવેગો મનોવલણોને પરિણામે જન્મે છે.

૬.મનોવલણ જૂથ વ્યાપી હોય છે.

દરેક જૂથની વ્યક્તિઓમાં કેટલાક મનોવલણો સમાન રીતે જોવા મળે છે. રહેણી-કરણી, ખાન-પાન, પહેરવેશ, ધાર્મિક ઉત્સવ, રીત-રિવાજો પરત્વેના મનોવલણો જૂથ વ્યાપી હોય છે. જૂથમાં ઉછેરને પરિણામે જૂથના મનોવલણો બંધાય છે.

૭. મનોવલણ માં માન્યતા અને મૂલ્યાંકન બંને રહેલા છે.

ઉચ્ચ વર્ગના લોકોના નિમ્ન વર્ગના લોકો પ્રત્યેના નિષેધક મનોવલણો તેમજ ગોરી વ્યક્તિઓના હબસીઓ પ્રત્યેના મનોવલણો અન્ય જૂથો પરત્વેની માન્યતા અને મૂલ્યાંકન દર્શાવે છે.

મનોવલણનું ઘડતર

પ્રસ્તાવના

મનોવલણો સંપાદિત હોય છે તથા અનુભવથી પ્રાપ્ત થાય છે મનોવલણો સમાજ અને સંસ્કૃતિમાંથી શીખાય છે વ્યક્તિ જેમ જેમ મોટી થતી જાય છે. તેમ તેમ તેના મનોવલણોનું ઘડતર થાય છે આને સમજાવવા માટે નીચેના પરિબળો સમજવા જરૂરી છે.

મનોવલણ ઘડતરના પરિબળો :

1. કુટુંબ જીવનની અસર
2. નિકટવર્તી જૂથોની અસર
3. આઘાતજનક અનુભવો
4. મનોવલણના ત્રણેય પાસાઓનો વિકાસ
5. તાલીમનો ફાળો
6. વ્યક્તિત્વના પરિવર્ત્યો નો ફાળો
7. સંદર્ભ જૂથનો ફાળો
8. અનુકરણનો ફાળો

૧.કુટુંબજીવનની અસર :

મનોવલણના ઘડતરમાં સૌથી મોટું પ્રદાન કુટુંબજીવન છે. મનોવલણના ઘડતરનો આરંભ કુટુંબ દ્વારા થાય છે એટલે કે માતા-પિતાના ગમા-અણગમાઓ, પૂર્વગ્રહો, તિરસ્કારો, રુચિઓ, આકાંક્ષાઓ વગેરેની અસર બાળકો પર પડે છે બાળકો માતા-પિતા સાથે તાદાત્મ્ય ધરાવે છે તેથી તેમનું અનુકરણ કરે છે. બાળકો માતા-પિતાના મનોવલણને સરળતાથી સ્વીકારી લે છે. તેથી બાળકોના મનોવલણોના ઘડતરમાં કુટુંબની ખાસ કરીને માતા-પિતાની અસર સૌથી વધુ હોય છે.

૨. નિકટવર્તી જૂથોની અસર :

કુટુંબ સિવાય વ્યક્તિ જે નિકટવર્તી જૂથોમાં સતત જીવે છે તે જૂથોની અસરથી વ્યક્તિના મનોવલણોનું ઘડતર થાય છે સમવયસ્ક જૂથો, રહેઠાણના મિત્રો, અને શાળાના મિત્રો, શાળા અને શિક્ષકો, પાડોશ વગેરે નિકટવર્તી જૂથોની અસરથી મનોવલણ ઘડાય છે આ જૂથોના સભ્યો સાથે જે અંગત અનુભવ થાય છે તે મોટેભાગે મનોવલણોનાં ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે મિત્ર સાથે આવેગાત્મક સંબંધ હોવાથી વ્યક્તિ મિત્ર જૂથના મનોવલણો ઝડપથી અપનાવી લે છે આમ મનોવલણોના ઘડતરમાં નિકટવર્તી જૂથોની અસર ઘણી હોય છે.

3. આઘાતજનક અનુભવ :

વ્યક્તિના જીવનમાં ક્યારેક તીવ્ર આઘાત જન્માવે તેવા અનુભવ થયા હોય છે આવા આઘાતજનક અનુભવોથી કેટલીકવાર તીવ્ર મનોવલણો થાય છે. જેમકે કોઈ એક વ્યક્તિને અન્ય કોમના બે-ત્રણ માણસો તરફથી ભારે આઘાત પહોંચાડે તેઓ અનુભવ થયો હોય તો તેની અસરથી તેનામાં અન્ય પ્રત્યે તીવ્ર નિષેધક મનોવલણ બંધાય છે લાસવેસે ક્રાંતિકારી નેતાઓનું વિશ્લેષણ કરીને જણાવ્યું છે કે બાળપણમાં માતા-પિતા દ્વારા થતા અસ્વીકાર કે તિરસ્કારને કારણે ઘણાખરા નેતાઓમાં બળવાખોરી વિકસી હતી બાળપણમાં આઘાતજનક અનુભવોનું દમન થતા મોટી ઉંમરે વ્યક્તિમાં સમાજ પ્રત્યે બળવાખોર વૃત્તિ જન્મે છે.

૪ મનોવલણના ત્રણ પાસાઓનો વિકાસ :

મનોવલણના ત્રણ પાસા નીચે મુજબ છે

1. બોધાત્મક પાસું ૨. ભાવાત્મક પાસું ૩. વાર્તનીક પાસું

આ ત્રણેય પાસાઓનો વિકાસ મનોવલણના ઘડતર પર અસર કરે છે

1. બોધાત્મક પાસુ :

મનોવલણનું બોધાત્મક પાસુ અનુભવોનું સામાન્યીકરણ કરવા સાથે સંબંધ ધરાવે છે ખાસ કરીને અન્ય જૂથો પ્રત્યેના નિષેધક મનોવલણોમાં આ બાબત જોવા મળે છે.

હિન્દુ વ્યક્તિ બધા મુસ્લિમો ધર્માંધ છે અને મુસ્લિમ વ્યક્તિ હિન્દુ લોકો અવિશ્વાસુ છે એવા સામાન્યીકરણો કરે છે તેઓ તે જૂથના સભ્યોની ભિન્નતાને ધ્યાનમાં લેતા નથી આવા સામાન્યીકરણો વિધાન ચોક્કસ અને અતાર્કિક હોય છે.

૨ ભાવાત્મક પાસુ :

મનોવલણનું ભાવાત્મક પાસુ વિધાયક કે નિષેધક લાગણીઓ કે આવેગો સાથે સંબંધ ધરાવે છે જો વ્યક્તિના અનુભવ અમુક જ્ઞાતિ, અમુક ધર્મ, અમુક ઉત્સવ પ્રત્યે આનંદદાયક હોય તો તેનામાં તેમના પ્રત્યે વિધાયક મનોવલણ ઘડાયો છે બીજી બાજુ દુઃખદાયક અનુભવો વ્યક્તિમાં નિષેધક મનોવલણો જન્માવે છે.

3. વાર્તનીક પાસુ :

મનોવલણનું વાર્તનીક પાસુ સમાજીકરણની પ્રક્રિયા સાથે સંબંધ ધરાવે છે સમાજીકરણની પ્રક્રિયા દરમિયાન માતા-પિતા બાળકને કેવું વર્તન કરવું અને કેવું વર્તન ન કરવું એ અંગેની તાલીમ આપે છે અમુક પ્રકારના પહેરવેશ, અમુક પ્રકારના ખોરાક કે અમુક પ્રકારના રીતરિવાજો, ધર્મ, નીતિવિષયક બાબતો પ્રત્યેનું મનોવલણો સમાજીકરણની પ્રક્રિયા દરમિયાન ઘડાય છે આવા મનોવલણો વર્તન દ્વારા અભિવ્યક્ત થાય છે triyandis એ અભ્યાસ દ્વારા જણાવ્યું કે ઉચ્ચ આર્થિક વર્ગના લોકો નિમ્ન વર્ગના લોકો પ્રત્યે નિષેધક મનોવલણ ધરાવે છે એનું કારણ સમાજીકરણ છે.

૫. તાલીમ નો ફાળો :

મનોવલણના ઘડતરમાં વ્યક્તિને બાળપણથી તેના કુટુંબને શાળા તેમજ સગા સંબંધીઓ દ્વારા પ્રાપ્ત થતી તાલીમનો ફાળો ખૂબ જ મહત્વનો છે **એડોર્નો** અને અન્ય સંશોધકોએ અભ્યાસ દ્વારા દર્શાવ્યું છે કે કડક અને શિસ્તબદ્ધ કુટુંબમાં ઉછરેલા બાળકોમાં સત્તાવાદી વ્યક્તિત્વ વિકાસ પામે છે સત્તાવાદી વ્યક્તિત્વ ધરાવતા લોકો વધારે પ્રમાણમાં નિષેધક મનોવલણો ધરાવે છે જ્યારે ઓછા સત્તાવાદી લોકો વધારે સહિષ્ણુ હોય છે.

૬. વ્યક્તિત્વના પરિવર્ત્યોનો ફાળો :

વ્યક્તિત્વના પરિવર્ત્યો વ્યક્તિના મનોવલણોનું ઘડતર કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે અંતરઆત્મા અથવા વિવેક બુદ્ધિનો વિકાસ ફ્રોઈડ જેને **superego** ઉચ્ચ અહમ તરીકે ઓળખાવે છે તેને સામાન્ય ભાષામાં અંતર આત્મા અથવા વિવેકબુદ્ધિ કહેવામાં આવે છે વિવેકબુદ્ધિના વિકાસનો આધાર સમાજીકરણ પર રહેલો છે વિવેકબુદ્ધિ પણ વ્યક્તિત્વ વિકાસનું અગત્યનું પાસું છે વિવેકબુદ્ધિથી વ્યક્તિમાં આંતરિક નિયંત્રણ આવે છે વ્યક્તિનો અંતરાત્મા કે વિવેકબુદ્ધિ તેના મનોવલણોના ઘડતરમાં ભાગ ભજવે છે.

આંતરવૈયક્તિક સંબંધો : વ્યક્તિને આપેલી તાલીમ અને વ્યક્તિના ઉછેરને લીધે તેનામાં અન્ય સાથેના સંબંધો કાતો વિધાયક હોય છે અથવા નિષેધક હોય છે વિધાયક સંબંધો ધરાવનાર વ્યક્તિમાં મોટેભાગે સમાધાનકારી

મનોવલણો વિકસે છે અને નિષેધક સંબંધો ધરાવનાર વ્યક્તિમાં મોટેભાગે નિષેધક મનોવલણો વિકસિત થાય છે.

બિન સલામતીની લાગણી (અસલામતીનો ભાવ) : અસલામતીનો ભાવ એ વ્યક્તિત્વ વિકાસનું અગત્યનું પાસું છે બાળકના યોગ્ય ઉછેરનું પરિણામ તેનામાં કાયમી રીતે બિન સલામતીની લાગણી જન્માવે છે અસલામતીની લાગણી ધરાવનાર લોકો અસહિષ્ણુ હોય છે બિન સલામત લોકો સરમુખત્યાર શાસનને પસંદ કરવાનું મનોવલણ ધરાવે છે.

૭. સંદર્ભ જૂથનો ફાળો :

મનોવલણના ઘડતરમાં સંદર્ભ જૂથ મહત્વનો ભાગ ભજવે છે વ્યક્તિ જે જૂથનો સભ્ય બનવા ઈચ્છે છે તેને સંદર્ભ શું કહે છે વ્યક્તિ મોટેભાગે સંદર્ભ જૂથોના મનોવલણો અપનાવે છે **ન્યુકોમ્બના** અભ્યાસમાં પણ જોવા મળે છે કે કોલેજના વિદ્યાર્થીઓમાં ૫૦ થી ૬૦ ટકા જેટલાની રાજકીય પક્ષ અંગેની પસંદગી પોતાના માતા-પિતા જેવી હતી. અભ્યાસોના પરિણામ દર્શાવે છે કે બાળકો મોટેભાગે પોતાના માતા-પિતા કે જૂથના જ મનોવલણો સ્વીકારી લેતા હોય છે.

૮. અનુકરણનો ફાળો :

બાળકોના ઘણા મનોવલણોના ઘડતરમાં અનુકરણનો ફાળો મહત્વનો હોય છે બાળકો માતા-પિતા મિત્રો, શિક્ષકો, વડીલો વગેરેના મનોવલણો અનુકરણથી અપનાવી લે છે આધુનિક સમયમાં પણ દેખાદેખીથી ઘણા વર્ષોનો થાય છે ઘરમાં થતી ધાર્મિક વિધિયો બાળક જીવે છે તેથી તેના મનમાં ધાર્મિક વિધિઓ પ્રત્યેના વિધાયક મનોવલણ બંધાય છે પહેરવેશ, રહેણીકરણી, ખાન-પાન, જીવનશૈલી અંગેના મનોવલણો અનુકરણ દ્વારા વિકાસ પામે છે પશ્ચિમી સંસ્કૃતિના અનુકરણથી યુવાનો અને યુવતીઓના મનોવલણો ઘડાય છે

ઉપસંહાર :

મનોવલણોના ઘડતરમાં બાલ્યાવસ્થા અને પુખ્ત ઉંમરે પ્રાપ્ત થતાં શિક્ષણ અને તાલીમ મહત્વનો ભાગ ભજવે છે પ્રાપ્ત થતી નવી માહિતી પણ મનોવલણના ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે. કુટુંબજીવન, સમાજીકરણ, આઘાતજનક અનુભવો, સંદર્ભ જૂથો, અનુકરણ, શિક્ષણ, તાલીમ વગેરે પરિબળો મનોવલણ ઘડતરમાં મહત્વની ભૂમિકા ભજવે છે જોકે મનોવલણો પ્રમાણમાં સ્થાયી અને કાયમી છે પરંતુ પ્રયત્નો દ્વારા મનોવલણમાં પરિવર્તન કરી શકાય છે.

મનોવલણમાં પરિવર્તન

પ્રસ્તાવના :

મનોવલણો સંપાદિત એટલે કે શીખેલા હોય છે, તેથી જ મનોવલણમાં પરિવર્તન લાવી શકાય છે, નિષેધક પ્રકારના મનોવલણો વ્યક્તિના વિકાસમાં અવરોધરૂપ હોવાથી તેમાં પરિવર્તન લાવવું જરૂરી છે, અને સાથે સાથે સમાજના નવઘડતર માટે પણ કેટલાક મનોવલણોમાં પરિવર્તન લાવવું જોઈએ.

સમાજમાં જ્ઞાતિવાદ, કોમવાદ, પ્રાંતવાદ, રંગભેદ, અસ્પૃશ્યતા વગેરે અંગે જડ થઈ ગયેલા મનોવલણોમાં પરિવર્તન આવે એ ખૂબ જ જરૂરી છે સાથે સાથે સમાજના કુરિવાજો, વહેમો, અંધશ્રદ્ધા વગેરે અંગેના મનોવલણો બદલવા જરૂરી છે. આવા નિષેધક સામાજિક મનોવલણોમાં પરિવર્તન કરીને તેમને સ્થાને વિધાયક સામાજિક મનોવલણોનું નિર્માણ થાય એ કોઈ પણ સમાજ માટે અત્યંત જરૂરી છે.

સામાજિક મનોવલણોમાં પરિવર્તન કરવામાં પ્રેરણા, મૂલ્યો, આદર્શો વગેરે આંતરિક કટકો તેમજ વ્યક્તિના અનુભવો, જ્ઞાન, નવી માહિતીઓ, વાંચન, શિક્ષણ, આંતરવૈયક્તિક સંપર્કો જેવા બાહ્ય ઘટકો મહત્વનો ભાગ ભજવે છે. આધુનિક સમયમાં માતા-પિતા, શિક્ષકો, સમાજ સુધારકો મનોવલણોમાં પરિવર્તન લાવવાના સક્રિય પ્રયાસો કરતા હોય છે.

આ ઉપરાંત વર્તમાન પત્રો, ચલચિત્રો, રેડીયો, ટેલિવિઝન, ઇલેક્ટ્રોનિક માધ્યમો (મોબાઈલ, ઇન્ટરનેટ) જેવા સમૂહ માધ્યમો દ્વારા પણ મનોવલણોમાં પરિવર્તન લાવવાના પ્રયાસો થાય છે.

મનોવલણમાં પરિવર્તન કરવાની રીતો

મનોવલણમાં પરિવર્તન લાવવાની અનેક રીતો છે. બી કુપ્પુસ્વામીએ મનોવલણમાં પરિવર્તન કરવાની રીતો નીચે પ્રમાણે દર્શાવી છે.

1. નવી માહિતી
2. પ્રત્યક્ષ અનુભવ
3. કાયદાઓ
4. સંદર્ભ
5. સંદેશાવ્યવહારના સમૂહ માધ્યમો
6. જૂથ ચર્ચા અને પ્રવચનો
7. મનોવલણ પરિવર્તન માટેનું મોડેલ
8. માહિતીનું દ્વિમુખી પ્રવાહ

૧. નવી માહિતીઓ :

મનોવલણ પરિવર્તન કરવાની એક મહત્વની રીત નવી માહિતીઓ પ્રાપ્ત કરવાની રીત છે આ નવી માહિતીઓ વર્તમાનપત્રો, રેડિયો, ટેલિવિઝન, ચલચિત્રો જેવા સમૂહ માધ્યમો દ્વારા પૂરી પાડવામાં આવે છે. આ નવી માહિતી વ્યક્તિના મનોવલણના બોધાત્મક પાસા પર અસર કરે છે. વ્યક્તિના મનોવલણના બોધાત્મક પાસામાં પરિવર્તન આવતા વ્યક્તિના મનોવલણોમાં પરિવર્તન થાય છે જોકે વ્યક્તિના મનોવલણના બોધાત્મક પાસામાં પરિવર્તન થવાથી તેના ભાવાત્મક અને વાર્તનીક પાસાઓમાં પણ પરિવર્તન આવે છે. અને પરિણામે બદલાયેલા મનોવલણો વ્યક્તિના વર્તનમાં અભિવ્યક્ત થાય છે. આમ, આ નવી માહિતીઓ લોકોના નિષેધક મનોવલણોના પરિવર્તન લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

૨. પ્રત્યક્ષ અનુભવ :

જુદા જુદા જૂથની વ્યક્તિઓ એકબીજાના સંપર્કમાં આવે અને પ્રત્યક્ષ અનુભવ થાય તો નિષેધક મનોવલણોમાં પરિવર્તન આવે છે. કોઈ હિન્દુ વ્યક્તિ મુસ્લિમો પ્રત્યે નિષેધક મનોવલણ કે પૂર્વગ્રહ ધરાવે છે તે વ્યક્તિ બુદ્ધિશાળી અને ઉદાર મતવાળા મુસ્લિમોને મળીને તેમનો પ્રત્યક્ષ અનુભવ કરે છે આવા પ્રત્યક્ષ અનુભવથી હિન્દુ વ્યક્તિના મુસ્લિમ વિશેની નિષેધક માન્યતાઓમાં પરિવર્તન આવે છે.

૩. કાયદાઓ :

લોકોના નિષેધક મનોવલણોમાં કાયદાઓ દ્વારા પરિવર્તન લાવી શકાય છે. અસ્પૃશ્યતા અને દહેજ અંગેના કાયદાઓને કારણે તે અંગેના લોકોના મનોવલણમાં પરિવર્તન આવ્યું છે જો કે દહેજ અંગે કાયદો હોવા છતાં સંપૂર્ણપણે હજી આ દૂષણ દૂર થયું નથી.

૪. સંદર્ભ જૂથ (જૂથની પરિસ્થિતિમાં પરિવર્તન) :

વ્યક્તિ જે જૂથની સભ્ય હોય તેના મનોવલણો તેનામાં સ્વાભાવિક રીતે જ જોવા મળે છે. પણ જો વ્યક્તિને બીજા જૂથમાં મૂકવામાં આવે તો તેના મનોવલણોમાં પરિવર્તન આવે છે. **ન્યુકોમ્બ** એ મનોવલણ પરિવર્તન અંગેના એક અભ્યાસને આધારે જણાવ્યું છે કે કોલેજ અને ઉદારમતવાદી અધ્યાપકોના સંપર્કથી રૂઢિચુસ્ત છોકરીઓના મનોવલણોમાં પરિવર્તન આવ્યું હતું તેણે આ માટે આંતરક્રિયાની પરિસ્થિતિનું નિર્માણ કર્યું હતું પરિણામે, આ છોકરીઓમાં રૂઢિચુસ્ત મનોવલણોને સ્થાને ઉદાર અને મુક્ત પ્રકારના મનોવલણો નિર્માણ થયા. 25 વર્ષ પછી આજ છોકરીઓ જ્યારે સ્ત્રીઓ થઈ ગઈ હતી ત્યારે ફરીથી **ન્યુકોમ્બ** એ તેમનો અભ્યાસ કર્યો આ સમયે આ સ્ત્રીઓમાં તેમની ઉંમરની અન્ય સ્ત્રીઓ કરતા વધુ ઉદાર અને મુક્ત મનોવલણો જોવા મળ્યા હતા. આમ સંદર્ભ જૂથના સંપર્કથી એટલે કે જૂથની પરિસ્થિતિમાં પરિવર્તન કરવાથી વ્યક્તિના નિષેધક મનોવલણોમાં પરિવર્તન કરી શકાય છે.

૫. સંદેશા વ્યવહારના સમૂહ માધ્યમો :

લોકોના મનોવલણોમાં સંદેશા વ્યવહારના સમૂહ માધ્યમો વર્તમાનપત્રો, રેડ્યો, ચલચિત્રો, ટેલિવીઝન, ઇન્ટરનેટના સાધનો દ્વારા પરિવર્તન લાવી શકાય છે. જોકે ચીજ-વસ્તુઓના વપરાશની દૃષ્ટીએ જાહેરખબરોની અસરને લીધે લોકોનાં મનોવલણોમાં પરિવર્તન આવે છે એમ જોવા મળ્યું છે. ચલચિત્રો અને ટેલિવિઝન પર રજૂ થતી સિરિયલ્સ દ્વારા પણ લોકોનાં મનોવલણોમાં પરિવર્તન લાવી શકાય છે જો કે સંદેશાવ્યવહારનાં સમૂહ માધ્યમોનો ઉપયોગ રચનાત્મક રીતે થાય તો તે લોકોનાં સામાજિક મનોવલણોમાં પરિવર્તન લાવવાની દૃષ્ટિએ મહત્વનો ફાળો આપી શકે એમ છે.

૬. જૂથ ચર્ચા અને પ્રવચનો :

મનોવલણોમા પરિવર્તન કરવા માટે જૂથચર્ચા અને પ્રવચનો ઉપયોગી થઇ શકે છે. લોકો સાથે જૂથમાં ચર્ચા-વિચારણા કરીને તેમના મનોવલણોમાં પરિવર્તન લાવી શકાય છે. **શેરીફ**ના મત પ્રમાણે જૂથ ચર્ચામાં પોતાનો અહમ્ જોડાતા અને જૂથનિર્ણય સાથે રહેવા ઇચ્છતા લોકો પોતાના મનોવલણોમાં પરિવર્તન લાવે છે **કર્ટ લેવીને** ગૃહિણી ઉપર કરેલા અભ્યાસને આધારે દર્શાવ્યું છે કે પ્રવચનો દ્વારા લોકોને સલાહસૂચનો આપવાને બદલે જૂથચર્ચા યોજવામાં આવે તો લોકોના મનોવલણો બદલી શકાય છે એટલે કે **લેવિનના** મતે મનોવલણ પરિવર્તનમાં પ્રવચનો કરતા જૂથચર્ચા વધારે અસરકારક છે.

૭. મનોવલણ પરિવર્તન માટેનું મોડેલ :

હોવલેન્ડ અને **જેનીસે** મનોવલણોમાં પરિવર્તન કેવી રીતે થઈ શકે તે અંગેનું ઉપયોગી મોડેલ રજૂ કર્યું છે આ મોડેલમાં ચાર બાબતોનો સમાવેશ કર્યો છે ૧. સંદેશાવાહક (સંદેશો આપનાર) ૨. સંદેશાવ્યવહાર (વિનિમય) 3. આસપાસની પરિસ્થિતિ અને ૪. લોકોની સહમતી.

હોવલેન્ડ અને **જેનીસે** જણાવ્યું કે જો આ ચારેય બાબતોની હાજરી હોય તો લોકોના મનોવલણોમાં પરિવર્તન કરવું શક્ય બને છે. **બી કુપ્પુસ્વામીએ** પોતાના અભ્યાસને આધારે દર્શાવ્યું કે **1961-1962**માં પંચવર્ષીય યોજનાઓ વિશેના લોકોના મનોવલણોમાં પરિવર્તન આવ્યું નહોતું, એનું કારણ આ મોડેલની ચારેય બાબતોની હાજરીનો અભાવ હતો.

૮. માહિતી નો દ્વિમુખી પ્રવાહ :

માહિતીના દ્વિમુખી પ્રવાહમાં સૌથી પહેલાં રાષ્ટ્રીય નેતા દ્વારા સ્થાનિક નેતાઓને માહિતી મળે અને ત્યાર પછી એ સ્થાનિક નેતાઓ લોકોને માહિતી પહોંચાડે એ પ્રકારની વ્યવસ્થા હોય છે. **બી કુપ્પુસ્વામીએ** આના અનુસંધાનમાં આઝાદીની લડત દરમિયાન મહાત્મા ગાંધીજી અને સ્થાનિક નેતાઓએ જે ભૂમિકાઓ ભજવી હતી એનું દ્રષ્ટાંત આપ્યું છે. તેમના મત પ્રમાણે આઝાદીની લડત સફળ થઈ એનું કારણ માહિતીનો દ્વિમુખી પ્રવાહ હતો.

રાષ્ટ્રીય ધોરણે લોકોના મનોવલણોમાં પરિવર્તન કરવા માટે રાષ્ટ્રીય નેતા એ રાષ્ટ્ર માટે જરૂરી હોય એવી માહિતી સ્થાનિક નેતાઓને પહોંચાડવી જોઇએ અને ત્યાર પછી સ્થાનિક નેતાઓએ આ માહિતી દેશના લોકો સુધી અસરકારક રીતે પહોંચાડવી જોઇએ. પંચવર્ષીય યોજનાઓ અને રાષ્ટ્રીય કાર્યક્રમો અંગેના લોકોના મનોવલણો માહિતીના દ્વિમુખી પ્રવાહથી જ સફળતાપૂર્વક બદલી શકાય છે.

___****___

મનોવલણ માપન

પ્રસ્તાવના :

મનોવલણ આંતરિક બાબત હોવાથી મનોવલણનું માપન કરવું પ્રમાણમાં મુશ્કેલ છે. જોકે મનોવલણનું માપન કરવા માટે જુદી જુદી પદ્ધતિ વિકાસ પામી છે તેના દ્વારા મનોવલણની દિશા અને માત્રા જાણી શકાય.

મનોવલણના માપનની મહત્વની ત્રણ પદ્ધતિઓ (તુલાઓ) નીચે પ્રમાણે છે.

૧. થર્સ્ટોનની મનોવલણ માપનની પદ્ધતિ (તુલા)
૨. લીકર્ટની મનોવલણ માપનની પદ્ધતિ (તુલા)
૩. બોગાર્ડસની સામાજિક અંતર માપનની પદ્ધતિ (તુલા)

૧. થર્સ્ટોનની મનોવલણ માપનની પદ્ધતિ :

સામાજિક મનોવલણો માપવા માટેની પદ્ધતિઓમાં આ પદ્ધતિ ખૂબ જાણીતી છે તેને સમાન અંતર ધરાવતી તુલા ગણવામાં આવે છે તેણે યુદ્ધ, હબસીઓ, સંતતિ નિયમન વગેરે અંગેના મનોવલણો માપવા માટે આ તુલાનો ઉપયોગ કર્યો હતો. આ પદ્ધતિ દ્વારા માપનની તુલા રચવાનાના સોપાનો નીચે મુજબ છે.

૧. સૌપ્રથમ મનોવલણના વિષયને લગતા કથનોની યાદી તૈયાર કરવામાં આવે છે. આવી યાદી સ્પષ્ટ ભાષામાં હોવી જોઈએ. આ યાદીમાં સાનુકૂળ અને પ્રતિકૂળ કથનો મૂકવામાં આવે છે. તે વિશેના કથનોની સંખ્યા 100 થી 200ની હોઈ શકે.

૨. આવા કથનોના નિર્ણાયકોની સંખ્યા કેટલી હોવી જોઈએ તે વિશે કોઈ નિયમ નથી ૧૩૦ કથનોનો scale બનાવવા માટે 300 નિર્ણાયકો રાખવામાં આવે છે. આવી યાદીમાં 11 શ્રેણી બતાવવામાં આવે છે. શ્રેણીમાં A થી K સુધીનો ક્રમ હોય છે. તેમાં અનુકૂળ અને પ્રતિકૂળ મનોવલણોનો સમાવેશ થાય છે. તટસ્થ શ્રેણી 'F' પર હોય છે.

A	B	C	D	E	F	G	H	I	J	K

પ્રતિકૂળ તટસ્થ અનુકૂળ

આ શ્રેણીના કથનો વિશે નિર્ણાયકો પોતાના મંતવ્યો દર્શાવે છે. જેમાં પ્રતિકૂળ અને અનુકૂળ વિધાનો હોય છે તેમાં તટસ્થને લગતું કથન હોય છે.

3. ત્રીજા સોપાનમાં 11 શ્રેણીના દરેક કથનનું માપન મૂલ્ય નક્કી કરવામાં આવ્યું હોય છે. 11 બિંદુના માપન સ્કેલ પર નિર્ણાયકો એ જે ક્રમ આપ્યા હોય તેની સરેરાશ કાઢવામાં આવે છે. આવી સરેરાશ દરેક કથનનું માપન મૂલ્ય ગણાય.

૪. તેના પછીના સોપાનમાં કથન માટે પ્રાપ્ત થયેલ આ નિર્ણયને આધારે “Q” શોધી કાઢવામાં આવે છે. તેના આધારે અમુક નિર્ણયો પ્રત્યે નિર્ણાયકોની સહમતી કે અસહમતી નક્કી થાય છે. જે કથનો પ્રત્યે આવી સહમતી કે અસહમતી ન હોય તે કથનો રદ્દ કરવામાં આવે છે.

૫. છેલ્લે કથનોમાં રહેલી આંતરિક સુસંગતતા શોધી કાઢવામાં આવે છે. વધેલા કથનો પ્રયોગપાત્રને આપવામાં આવે છે. પ્રયોગપાત્ર તે કથનો પ્રત્યે સંમત થાય તે પ્રત્યે ખરાની નિશાની કરવામાં આવે છે. નિર્ણાયકોની પસંદગીથી જુદા પડતા કથનોમાં આંતરિક સુસંગતતા નથી.

૬. અંતમાં આંતરિક સુસંગતતા હોય તેવા 25 થી 30 વિધાનો શોધી કાઢવામાં આવે છે. આવા કથનોને અધિક સંમતિથી માંડી નિમ્નતમ સંમતિના ક્રમમાં ગોઠવવામાં આવે છે.

ટૂંકમાં આ સ્કેલમાં 25 થી 30 વિધાનો હોય છે. જે વ્યક્તિનું મનોવલણ માપવાનું હોય તે વ્યક્તિને આ વિધાનોની યાદી આપવામાં આવે છે જે કથન સાથે વ્યક્તિ સંમત થાય તેની સામે ખરાની નિશાની કરવામાં આવે છે. જેના પ્રત્યે અસંમતિ હોય તેના પ્રત્યે × કરવામાં આવે છે. સંમતિદર્શક કથનોની સરેરાશ શોધી કાઢવામાં આવે છે અને તેને આધારે વ્યક્તિનું સાનુકૂળ અને પ્રતિકૂળ મનોવલણ શોધી કાઢવામાં આવે છે. આવી સરેરાશ વધુમાં વધુ ૧૧ હોય શકે છે. જો વ્યક્તિની આવી સરેરાશ ઓછી આવે તો તેને વ્યક્તિનું પ્રતિકૂળ મનોવલણ ગણવામાં આવે છે.

થર્સ્ટોનની પદ્ધતિના ફાયદાઓ :

૧. આ વિધિમાં કથનોનું વિસ્તરણ 11 બિંદુમાં થાય છે. આવો મનોવલણ scale વિશ્વાસપાત્ર હોય છે.

2. આ વિધિ ઘણી સરળ અને સગવડ ભરેલી હોય છે આ સ્કેલ વડે સૂચકાંક નક્કી થાય છે. તે દ્વારા મનોવલણોની સાનુકૂળતા અને પ્રતિકૂળતા નક્કી થાય છે.

થર્સ્ટોનની પદ્ધતિના ગેરફાયદા :

1. થર્સ્ટોન વિધિની કેટલીક પૂર્વ ધારણાઓ કેટલાક સમાજલક્ષી મનોવિજ્ઞાનિકોએ ખોટી ઠરાવેલ છે. નિર્ણાયકોના પોતાના અંગત મનોવલણ આ સ્કેલ પર અસર પહોંચાડતા નથી.

૨. એડવર્ડ અને અન્ય મનોવૈજ્ઞાનિકોએ દર્શાવ્યું છે કે આ વિધિ દ્વારા ભેદ મુલક કથનો શોધી કાઢવાનો કોઈ માર્ગ નથી.

3. થર્સ્ટોનનો scale તૈયાર કરવામાં વધુ સમય લાગે છે અને વધુ ખર્ચ થાય છે તથા આ તુલા રચવા માટે ઘણા નિર્ણાયકોની જરૂર પડે છે અને તેની વિધિ ઘણી લાંબી હોય છે.

******

લીકર્ટની મનોવલણ માપનની પદ્ધતિ :

થર્સ્ટોનની પ્રયુક્તિની મર્યાદાઓ દૂર કરવા માટે લિકર્ટે મનોવલણ માપનની તુલા વિકસાવી છે. આ સ્કેલ તૈયાર કરવામાં સમય અને ખર્ચ ઓછા થાય છે તથા અન્ય પદ્ધતિ કરતાં આ પદ્ધતિ વધુ સગવડ ભરેલી અને સરળ છે.

લીકર્ટનો સ્કેલ તૈયાર કરવા માટે નીચે મુજબના સોપાનો જોઈએ.

૧. જે વિષયનો સ્કેલ બનાવવાનો હોય તેને લગતા કેટલાક વિધાનો તૈયાર કરવામાં આવે છે. આ વિધાનોમાં સાનુકૂળ મનોવલણ અને પ્રતિકૂળ મનોવલણો રહેલા હોય છે પ્રત્યેક વિધાનની સામે પાંચ બિંદુની ઉત્તર શ્રેણી હોય છે. જેમકે, પૂર્ણ રીતે સંમત, સંમત, અનિશ્ચિત, અસંમત, પૂર્ણ રીતે અસંમત.

૨ જેનું મનોવલણ માપવાનું હોય તેને કથનોની યાદી આપવામાં આવે છે. તેણે પાંચ બિંદુઓમાંથી એક બિંદુમાં પસંદગી દર્શાવવાની હોય છે.

૩ પ્રયોગ પાત્રે આપેલી પ્રતિક્રિયાને પ્રાપ્તાંક આપવામાં આવે છે. મનોવલણના વિધાનોમાં સંપૂર્ણ રીતે સહમત, સહમત, અનિશ્ચિત, અસહમત, સંપૂર્ણ રીતે અસહમતની ઉત્તર શ્રેણીમાં પ્રયોગ પાત્ર પસંદગી દર્શાવે છે તે પ્રમાણે ૫ ૪ ૩ ૨ ૧ પ્રાપ્તાંક આપવામાં આવે છે. પ્રયોગ પાત્રના કુલ પ્રાપ્તાંકો શોધી કાઢી સાનુકૂળ મનોવલણ અને પ્રતિકૂળ વલણ નક્કી થઈ શકે છે.

૪ ચોથા સોપાનમાં વિગત વિશ્લેષણ કરવામાં આવે છે. વિગત વિશ્લેષણ દ્વારા કથનોને સામાન્યથી અલગ પાડવામાં આવે છે. દરેક કથનોના પ્રાપ્તાંકોનો કુલ પ્રાપ્તાંકો સાથેનો સહસંબંધ શોધી કાઢવામાં આવે છે. જેનો સંબંધ વધુ આવે તે કથનને રાખવામાં આવે છે અને જેનો સંબંધ નિમ્ન આવે તેને તુલામાંથી દૂર કરવામાં આવે છે.

૫ વિગત વિશ્લેષણ કર્યા પછી લિકર્ટના સ્કેલના કથનોની અંતિમ યાદી તૈયાર કરવામાં આવે છે. મહદંશે લીકર્ટની સ્કેલમાં કથનોની સંખ્યા ૨૦ જેટલી હોય છે. પ્રયોગ પાત્રે અમુક કથનો પ્રત્યે દર્શાવેલી પ્રતિક્રિયાઓ પરથી તેનો કુલ પ્રાપ્ત શોધી કાઢવામાં આવે છે. તેના આધારે પ્રયોગ પાત્રના તે વિષયના અનુકૂળ અને પ્રતિકુળ મનોવલણો શોધી શકાય છે.

લીકર્ટની પદ્ધતિના ફાયદાઓ :

૧. આ પદ્ધતિથી ભેદ મુલક કથનો જાણી શકાય છે. આવી સગવડતા થર્સ્ટોનની વિધિમાં નથી.

૨. લીકર્ટના સ્કેલમાં નિર્ણાયકોને બદલે પ્રયોજ્યોનો ઉપયોગ કરવામાં આવે છે. તેથી અંતિમ પસંદગી પર નિર્ણાયકોના અંગત મનોવલણની અસર પડતી નથી.

3. લિકર્ટના સ્કેલની રચનામાં ઓછો સમય જાય છે અને ઓછો ખર્ચ થાય છે.

૪ થર્સ્ટોનની વિધિ કરતા લીકર્ટના સ્કેલમાં લચિકતા વધુ છે. લીકર્ટની તુલામાં સંશોધકો પોતાની ઈચ્છા પ્રમાણે વધારો કે ઘટાડો કરી શકે છે.

લીકર્ટની પદ્ધતિના ગેરફાયદાઓ :

૧. આ વિધિમાં અધિક પ્રાપ્તાંકો અને નિમ્ન પ્રાપ્તાંકોને આધારે સાનુકૂળ અને પ્રતિકૂળ મનોવલણો નક્કી કરી શકાય છે. પરંતુ વચ્ચેના પ્રાપ્તાંકો વિશે આ વિધિમાં કંઈ કહેવામાં આવતું નથી.

૨. લીકર્ટની વિધિમાં એક સંભાવના એવી છે કે પ્રયોગ પાત્ર પોતાનું સાચું વલણ છુપાવીને ખોટું વલણ વ્યક્ત કરી શકે છે.

૩. લીકર્ટની વિધિમાં મનોવલણની દિશાનો ખ્યાલ આવે છે. પરંતુ મનોવલણની માત્રાનો ખ્યાલ આવી શકતો નથી.

૪ થર્સ્ટોનની વિધિમાં નિર્ણાયકો હોય છે. તેઓ અમુક વિષયના નિષ્ણાત હોય છે તેથી તેમની પસંદગી વધુ વિશ્વાસપાત્ર હોય છે. જ્યારે લીકર્ટની વિધિમાં પ્રયોગ પાત્રોએ પસંદગી દર્શાવવાની હોય છે અને આવી પસંદગી વૈજ્ઞાનિક ન હોય એવુ શક્ય છે.

આમ થર્સ્ટોનની વિધિ કરતાં લીકર્ટની વિધિ વધુ સક્ષમ અને સગવડતા ભરેલી છે. તેમાં ઓછો સમય લાગે છે. અને ઓછો ખર્ચ થાય છે. તેથી થર્સ્ટોનની વિધિ કરતા લીકર્ટની વિધિ વધુ લોકપ્રિય છે.

*****

બોગાર્ડસની સામાજિક અંતર માપનની પદ્ધતિ :

બોગાર્ડસ નામના સમાજશાસ્ત્રી એ સામાજિક અંતર માપવાની સરળ તુલા રચી છે. સામાજિક જીવનમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, પ્રજાતિ વગેરેમાં અમુક લોકો આપણને આપણાથી નિકટ લાગે છે. અને અમુકને આપણે દૂર ગણીએ છીએ તેના આધારે સામાજિક અંતરનો ખ્યાલ આવે છે. આપણાથી સામાજિક દ્રષ્ટિએ નિકટ હોય તેમના પ્રત્યે વિધાયક મનોવલણ વિકાસ પામે છે. અને જેઓ સામાજીક રીતે આપણાથી દૂર હોય તેના પ્રત્યે નિષેધક મનોવલણ વિકાસ પામે છે.

બોગાર્ડસે સે જુદી જુદી રાષ્ટ્રીયતા ધરાવતા લોકોના મનોવલણો માપવા માટે સામાજિક અંતર તુલાની રચના કરી છે. અમુક રાષ્ટ્રીયતા ધરાવતા લોકો વચ્ચે ખૂબ નિકટનો સંબંધ હોય તો તેમની વચ્ચે સામાજિક અંતર ઓછું છે એમ કહેવાય. તેઓનું પરસ્પર વિધાયક મનોવલણ હોય છે. બીજી કોઈ રાષ્ટ્રીયતા ધરાવતા લોકો વચ્ચે નિકટતા ન ધરાવતા હોય તો તેમની વચ્ચે સામાજિક અંતર રહેલું છે એમ ગણાય છે. આવા લોકો પરસ્પર નિષેધક મનોવલણો ધરાવતા હોય છે.

બોગાર્ડસની સામાજિક અંતર તુલામાં સાત કથનોનો સમાવેશ થયેલો છે. આ કથનો પ્રત્યેની વ્યક્તિની સંમતિ કે અસંમતિને આધારે સામાજિક અંતર જાણી શકાય છે. અમુક જાતિના લોકોની સ્વીકૃતિ કે અસ્વીકૃતિ સામાજિક અંતર નક્કી કરી શકે છે.

આ કથનોની યાદીનું પહેલું કથન ઘનિષ્ઠ સંબંધો દર્શાવે છે આવી રાષ્ટ્રીયતા વાળા લોકો પ્રત્યે વ્યક્તિનું મનોવલણ વિધાયક હોય છે. આવું મનોવલણ અમુક માત્રામાં હોય છે. વ્યક્તિ બીજા કથન પરથી સાતમા સ્થાન પર જાય તેમ મનોવલણ ની માત્રા ઘટતી જાય છે શરૂઆતના કથનો એકબીજાની સ્વીકૃતિ દર્શાવે છે અને સાનુકૂળ મનોવલણ નક્કી કરે છે પરંતુ છેલ્લા કથનમાં સ્વીકૃતિની માત્રા ખલાસ થઈ જાય છે. અમુક રાષ્ટ્રીયતા ધરાવતી વ્યક્તિ અંતિમ કથન સ્વીકારી લે તો તેનો અર્થ એવો થાય છે કે તેનું મનોવલણ પ્રતિકૂળ ગણાય છે.

બોગાર્ડસની સામાજિક અંતર તુલાના સાત કથનો નીચે મુજબ છે.

૧. લગ્ન વડે નિકટનો સંબંધ સ્થાપિત કરવો.
૨. પોતાની ક્લબમાં નિકટના મિત્ર તરીકે સ્વીકારવું
૩. પોતાની શેરીમાં પડોશી તરીકે સ્વીકારવો.
૪ પોતાના વ્યવસાયમાં સાથીદાર તરીકે સ્વીકારવો
૫ પોતાના દેશના નાગરિક તરીકે સ્વીકારવો
૬ પોતાના દેશમાં પ્રવાસી (વીઝીટર) તરીકે સ્વીકારવો
૭ પોતાના દેશમાંથી બહાર કાઢી મુકવો.

બી કુપ્પુસ્વામીએ આ તુલાનો ઉપયોગ કરીને બ્રાહ્મણ, ખ્રિસ્તી, હરીજન, મુસ્લિમ, શીખ, પાદરી વગેરે પ્રત્યેના મનોવલણોનું માપ લીધું હતું. તેનું પરિણામ દર્શાવે છે કે પારસી, મુસ્લિમ, હરિજન અને પાદરી વિશે છેલ્લા ત્રણ કથનો દ્વારા પસંદગી દર્શાવી હતી.

બ્રાહ્મણ અને ખ્રિસ્તીઓને ઉપરની શ્રેણીના કથનોમાં દર્શાવ્યા હતા. તેમના પ્રત્યે સાનુકૂળ મનોવલણ પ્રવર્તતું હતું. હરીજન, પારસી, મુસ્લિમ વગેરે પ્રત્યે પ્રયોજ્યોનું પ્રતિકૂળ મનોવલણ આવ્યું હતું. બગાર્ડસે આ તુલાનો ઉપયોગ કરીને અમેરિકનોના મનોવલણો માપવાના પ્રયાસો કર્યા હતા. અમેરિકાનોમાં કેનેડિયન અને ઈંગ્લિશ લોકો પ્રત્યે સાનુકૂળ મનોવલણો પ્રવર્તતા હતા. હબસી, ભારતીય, અને તુર્કી લોકો પ્રત્યે અમેરિકનોમાં નિષેધક મનોવલણો જોવા મળ્યા હતા.

બોગાર્ડસની સામાજિક અંતર તુલાના ફાયદાઓ :

1. આ તુલા દ્વારા જુદા જુદા રાષ્ટ્રો, ધર્મો તથા જાતિઓનુ મનોવલણ સરળતાથી માપી શકાય છે.
2. આ તુલા વડે જુદા જુદા રાષ્ટ્રો, ધર્મો કે જાતિઓ પ્રત્યેના મનોવલણોનો તુલનાત્મક અભ્યાસ થઇ શકે છે.
3. ભારત જેવા દેશમાં જ્ઞાતિ વિષયક પૂર્વગ્રહોની સમસ્યાઓ આ તુલા વડે જાણી શકાય છે.
4. સામાજિક અંતર માપવા ની આ એક અજોડ પદ્ધતિ છે.

બોગાર્ડસની સામાજિક અંતર તુલાના ગેરફાયદા :

1. બોગાર્ડસની તુલાનો કોઈ વૈજ્ઞાનિક આધાર નથી.
2. કેટલાક સંશોધકો એમ જણાવે છે કે સાત શ્રેણીઓની વચ્ચે સમાન અંતર નથી. તેથી તેના દ્વારા મનોવલણની માત્રા જાણી શકાતી નથી.
3. આ તુલાની યથાર્થતા ઘણી ઓછી છે આ તુલા વડે આપેલા નિષ્કર્ષની શુદ્ધતા ઓછી ગણાય છે.

****